| | |
|---|---|
| GULM | # ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન<br>જી.એમ.એફ.બી બિલ્ડીંગ, નિગમ વિસ્તાર, સેકટર-૧૦ એ, ગાંધીનગર. |

ક્રમાંકઃ એસ.યુ.એચ./૧૬/૨૦૨૦-૨૧/૭૫૨

12 JAN 2020

વંચાણે લીધુઃ

૧) કેંદ્ર સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલય નવી દિલ્હીના તા.૨૪/૦૯/૨૦૧૩ના કચેરી યાદી ક્રમાંક K-14011/1/2013-UPA.

૨) કેંદ્ર સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલય નવી દિલ્હીના તા.૧૨/૦૬/૨૦૧૩ના કચેરી યાદી ક્રમાંક K-14011/58(19)/2012-SLSU-SNPUPR દ્વારા બહાર પાડેલ શહેરી ઘર વિહોણા લોકો માટેની માર્ગદર્શિકા.

૩) તા.૨૩/૦૫/૨૦૧૮ના રોજ યોજાયેલ પ્રોજેક્ટ સેંક્શનીંગ કમિટિ (PSC)ની કાર્યવાહિ નોંધ.

૪) તા.૧૧/૦૭/૨૦૧૮ના રોજ અમરેલી નગરપાલિકા દ્વારા રજુ કરાયેલ તાંત્રિક મંજુરી સાથેની દરખાસ્ત.

૫) અમરેલી નગરપાલિકાને ૪૦% ના પ્રથમ અને બીજા હપ્તા પેટે ચુકવાયેલ ગ્રાંટના અનુક્રમે તા.૧૬/૦૭/૨૦૧૮ અને તા.૩૦/૦૭/૨૦૧૯ ના કાર્યાલય આદેશ.

૬) તા.૨૫/૦૮/૨૦૨૦ના રોજ અમરેલી નગરપાલિકા દ્વારા ત્રીજા હપ્તાની ગ્રાંટ માટે કરાયેલ દરખાસ્ત.

**કાર્યાલય આદેશ:**

વંચાણે લીધેલ આમુખ-૧ થી કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) અમલમાં આવેલ છે. આમુખ-૨ થી કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલય દ્વારા તા.૧૨/૦૬/૨૦૧૩ થી કચેરી યાદી ક્રમાંક દ્વારા શહેરી ઘર વિહોણા લોકો માટેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે

વંચાણે લીધેલ આમુખ-૩ થી પ્રોજેક્ટ સેંક્શનીંગ કમિટિ (PSC)ની બેઠક અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભગના અધ્યક્ષ સ્થાને તા.૨૩/૦૫/૨૦૧૮ના રોજ ૧૬:૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ ખાતે યોજાયેલ, જેમાં અમરેલી નગરપાલિકાની શેલ્ટર અંગેની દરખાસ્ત માર્ગ અને મકાન વિભાગની સંબંધીત કચેરી ખાતે તાંત્રીક મુલ્યાંકન હેઠળ હોઇ, તે અંગે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ તાંત્રીક મુલ્યાંકન થયેથી મિશન ડાયરેક્ટરશ્રી, જી.યુ.એલ.એમ. કક્ષાએ મંજુરી મેળવાની શરતે મંજુર કરવામાં આવેલ છે.

(૧) અમરેલી નગરપાલિકા દ્વારા ૧૫૦ વ્યકતિઓ રહી શકે તેવા એક (૧) શેલ્ટરના બાંધકામ માટે રૂ. ૨૪૭.૪૮/- લાખ ની દરખાસ્ત.

રૂ. લાખમાં

| ક્રમ | આશ્રય સ્થાનનું સ્થળ | શેલ્ટર | ક્ષમતા (વ્યક્તિ) | બાંધકામ માટેની કુલ રકમ | પાંચ વર્ષના O & M ની કુલ રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સર્વે નં. ૫૪૪ પૈકી, સાવરકુંડલા રોડ, અમરેલી | ૧ | ૧૫૦ | ૨૧૭.૪૮ | 30.00 | ૨૪૭.૪૮ |

ઉપરોક્ત દરખાસ્ત અન્વયે રાજકોટ માર્ગ અને મકાન વિભાગ વર્તુળ – ૨ દ્વારા ઉક્ત શેલ્ટરના બાંધકામ માટે રૂ.૨,૧૭,૪૭,૮૯૦/- ની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. જેથી, ઉપરોક્ત દર્શાવ્યા મુજબ પ્રોજેક્ટ સેંક્શનીંગ કમિટિ (PSC) માં મળેલ મંજુરી અનુસાર અમરેલી નગરપાલિકાની ઉક્ત દરખાસ્તને વંચાણે લીધેલ આમુખ–૫ થી મંજુર કરવામાં આવેલ છે.

DAY-NULM અંતર્ગત શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો બનાવવાના ઘટકની માર્ગદર્શિકાની જોગવાઇ અનુસાર મહાનગરપાલિકા/નગરપાલિકાઓને મંજુર થયેલ પ્રોજેક્ટના બાંધકામ/રિફર્બીશમેન્ટ માટે પ્રથમ, બીજા અને ત્રીજા હપ્તા પેટે અનુક્રમે ૪૦, ૪૦ અને ૨૦ % એમ ત્રણ હપ્તામાં ગ્રાંટ ચુકવવાની થાય છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ, અમરેલી નગરપાલિકાની શેલ્ટર માટેની દરખાસ્તના બાંધકામ માટે ૪૦%ના પ્રથમ અને બીજા હપ્તા પેટે અમરેલી નગરપાલિકાને વંચાણે લીધેલ આમુખ – ૫ થી નીચેની વિગતે ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

રૂ. લાખમાં

| ક્રમ | નગરપાલિકા | આશ્રય સ્થાનો | ક્ષમતા | બાંધકામ માટેની કુલ મંજુર રકમ | પ્રથમ હપ્તાની રકમ (૪૦ %) | બીજા હપ્તાની રકમ (૪૦ %) | કુલ ચુકવાયેલ રકમ (૮૦ %) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧ | ૧૫૦ | ૨૧૭.૪૮ | ૮૬.૯૯ | ૮૬.૯૯ | ૧૭૩.૯૮ |

DAY-NULM અંતર્ગત શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાન ઘટકની માર્ગદર્શિકાની જોગવાઇ અનુસાર મહાનગરપાલિકા/નગરપાલિકાઓને મંજુર થયેલ પ્રોજેક્ટના બાંધકામ/ રિફર્બીશમેન્ટ/સંચાલન અને વ્યવસ્થાપન (O & M) માટે હપ્તા પેટે ચુકવાયેલ ૪૦ – ૪૦% રકમનો યોગ્ય વપરાશ અને કામમાં યોગ્ય પ્રગતી થયા બાદ અને ત્રીજા હપ્તા પેટે ૨૦% ગ્રાંટ ચુકવવાની થાય છે. જે અન્વયે, અમરેલી નગરપાલિકા દ્વારા વંચાણે લીધેલ આમુખ-૬ થી ત્રીજા હપ્તા પેટે ૨૦% ગ્રાંટ ચુકવવા રજુઆત કરેલ છે.

- અમરેલી નગરપાલિકાના શેલ્ટરના બાંધકામ માટે કુલ મંજુર રૂ.૨૧૭.૪૮/- લાખ સામે બાંધકામની રકમ રૂ.૧૭૧.૧૬/- લાખ, અન્ય સિવિલ વર્કની રકમ રૂ.૨૮.૦૫/- લાખ અને કિચન વેર અને ફર્નિચર માટે રૂ.૧૨.૮૨/- લાખ મળીને બાંધકામની કુલ રકમ રૂ.૨૧૨.03/- લાખની સામે કુલ ચુકવાયેલ રકમ રૂ.૧૭૩.૯૮/- લાખ બાદ કરતા બાકી કુલ રકમ રૂ.3૮.૦૫/- લાખ અમરેલી નગરપાલિકાને ચુકવવાના થાય છે.

ઉપરોક્ત બાબતે, અમરેલી નગરપાલિકાને અગાઉ ફળવાયેલ એડહોક ગ્રાંટ માંથી કુલ રૂ.૫૬.૭૨/- લાખ બચત ગ્રાંટ જમા હોઇ, અમરેલી નગરપાલિકાને એડહોક ગ્રાંટ માંથી કુલ રૂ.૩૮.૦૫/- લાખ SUH ઘટક અંતર્ગત ખર્ચ કરવા કાર્યાલય આદેશ કરવામાં આવે છે.

શરતો:

૧. આ ગ્રાંટ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની માર્ગદર્શિકા તેમજ ભારત સરકારના આમુખમાં દર્શાવેલ પત્ર તેમજ વખતો વખતની બહાર પાડવામાં આવતી જોગવાઇઓને ધ્યાનમાં લઇ ખર્ચ કરવાનો રહેશે.

૨. નગરપાલિકાએ કરેલ ખરેખર ખર્ચ તથા બચત અંગેની મહિતી ગ્રાંટ વપરાશ પ્રમાણપત્રમાં સ્પષ્ટ દર્શાવવાની રહેશે. તેમજ તેના યુ.ટી.સી. અત્રેની કચેરીને મોકલવાના રહેશે.

૩. નગરપાલિકાને પ્રથમ હપ્તા પેટે ચુકવેલ ગ્રાંટનો પુરે પુરો ખર્ચ કર્યા અંગેનો પ્રગતિ અહેવાલ મળ્યા બાદજ બીજા હપ્તાની ગ્રાંટ ચુકવવાની રહેશે.

૪. ફાલવેલ ગ્રાંટ નક્કી કરેલ હેતુ માટે જ અને નિશ્ચિત સમય મર્યાદામાં વપરાય તે અનિવાર્ય છે. જો ગ્રાંટનો વપરાશ નહિ કરવામાં આવે તો મિશન ને ગ્રાંટ પરત કરવાની રહેશે.

૫. નગરપાલિકાએ આ ગ્રાંટ રાષ્ટ્રીયકૃત બેંકમાં અલાયદુ ખાતુ ખોલવી તેમાં જમા કરવાની રહેશે અને તેના હિસાબો અલગથી નિભાવવાના રહેશે.

૬. DAY-NULMના શહેરી ઘર વિહોણા લોકો માટેના શેલ્ટરની તમામ કામગીરી અંગે સંપુર્ણ પારદર્શકતા જાળવવાની રહેશે તથા નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

૭. અમરેલી નગરપાલિકા માટે અધિક્ષક ઇજનેરની કચેરી, માર્ગ અને મકાન વર્તુળ નં.૨, રાજકોટ ના પત્ર ક્રમાંક: પીબી/બી/અમ/૩૬૬૮, તા.૦૬/૦૭/૨૦૧૮ માં દર્શાવેલ તમામ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ DAY-NULMના શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો ઘટક હેઠળ કેન્દ્ર ફાળા ના ૬૦% પ્રમાણે રૂ.૨૨.૮૩/- લાખ અને રાજય ફાળા ના ૪૦% પ્રમાણે રૂ.૧૫.૨૨/- લાખ મુજબ ઉધારવાનો રહેશે.

રવાના કર્યું

ડેપ્યુટી મિશન ડાયરેકટર
ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન

સહી/-
મિશન ડાયરેકટર
ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન

પ્રતિ,

૧. ચીફ ઓફિસરશ્રી, અમરેલી નગરપાલિકા, અમરેલી.

નકલ રવાના:

૧. હિસાબી અધિકારીશ્રી, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગાંધીનગર તરફ હુકમમાં જણાવેલ વિગતે યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.